દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૮ મે, ૨૦૨૬

# અમેરિકા અને યુરોપિયન દેશો વચ્ચેની તંગદીલી હજી વધી શકે છે

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા ત્યારથી ટેરિફ, ગ્રીનલેન્ડ, નાટો સહિતના અનેક મુદ્દે યુરોપિય દેશો સાથેના અમેરિકાના સંબંધો તંગ બન્યા છે. ઇરાન યુદ્ધને કારણે આ સંબંધો વધુ તંગ બન્યા, અને હવે જર્મનીમાંથી અમેરિકી સૈનિકો પાછા ખેંચવાના મુદ્દે તંગદીલી ઓર વધી શકે છે. યુરોપિયન નેતાઓએ જણાવ્યું છે કે ટ્રમ્પનો જર્મનીમાંથી હજારો અમેરિકન સૈનિકોને પાછા ખેંચવાનો અચાનક નિર્ણય આશ્ચર્યજનક છે, પરંતુ તે એક નવો સંકેત છે કે યુરોપે પોતાની સુરક્ષાની જવાબદારી જાતે લેવી પડશે.

પેન્ટાગોને ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે તે જર્મનીમાંથી લગભગ 5,000 સૈનિકો પાછા ખેંચી લેશે, પરંતુ ટ્રમ્પે બાદમાં પત્રકારોને કહ્યું હતું કે અમે તેમાં ભારે ઘટાડો કરવા જઈ રહ્યા છીએ. અને અમે 5,000 કરતાં ઘણો વધારે ઘટાડો કરીશું. તેમણે આ પગલાનું કોઈ કારણ આપ્યું ન હતું, જે બાબતે નાટોને અંધારામાં રાખ્યું હતું. પરંતુ તેમનો આ નિર્ણય ઈરાન સામેના યુ.એસ.-ઈઝરાયેલ યુદ્ધ અંગે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ સાથેના વધતા વિવાદ અને મધ્ય પૂર્વના સંઘર્ષમાં સામેલ થવા માટે યુરોપિયન સાથીઓની અનિચ્છા અંગે ટ્રમ્પના ગુસ્સા વચ્ચે આવ્યો છે.અમેરિકન નિર્ણય વિશે પૂછવામાં આવતા નોર્વેના વડા પ્રધાન જોનાસ ગહર સ્ટોરે જણાવ્યું હતું કે, હું તેને વધારે પડતું મહત્વ નહીં આપું કારણ કે મને લાગે છે કે અમે અપેક્ષા રાખી રહ્યા છીએ કે યુરોપ તેની પોતાની સુરક્ષાની વધુ જવાબદારી સંભાળશે. દેખીતી રીતે તેઓ ટ્રમ્પની ધમકીને અવગણવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આર્મેનિયાના યેરેવનમાં, જ્યાં યુરોપિયન નેતાઓએ એક સંમેલન યોજ્યું હતું, ત્યાં પત્રકારોને જણાવ્યું હતું કે, હું તે આંકડાઓને નાટકીય નથી માનતો, પરંતુ મને લાગે છે કે નાટોના માળખાની અંદર તેનું સુમેળભર્યું રીતે સંચાલન થવું જોઈએ. બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે જણાવ્યું હતું કે, નાટોમાં એક મજબૂત યુરોપિયન તત્વ હોવું જરૂરી છે, અને મને તે બાબતે કોઈ શંકા નથી. તેમણે તેમના યુરોપિયન ભાગીદારોને કહ્યું કે તેમના કેટલાક આંતરરાષ્ટ્રીય જોડાણોમાં હોવું જોઈએ તેના કરતાં વધુ તણાવ છે, અને તેથી તેનો સામનો કરવો આપણા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમનો સૂર પણ એ જ છે કે નાટોને હવે યુરોપિયન દેશોએ જ વધુ સંભાળવું જોઇએ, અમેરિકાને બહુ મહત્વ આપવાની જરૂર નથી. યુરોપિયન યુનિયનના વિદેશ નીતિ વડા, કાજા કલ્લાસે જણાવ્યું હતું કે, યુરોપમાંથી યુએસ સૈનિકો પાછા ખેંચવા અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. પરંતુ અલબત્ત, આ જાહેરાતનો સમય આશ્ચર્યજનક છે. તેમણે કહ્યું, મને લાગે છે કે તે દર્શાવે છે કે આપણે ખરેખર નાટોમાં યુરોપિયન સ્તંભને મજબૂત કરવો પડશે. તેમનો સૂર પણ સ્ટાર્મરના સૂર જેવો જ છે.

ગયા વર્ષે ટ્રમ્પની ધમકીઓના જવાબમાં, યુરોપિયન દેશો અને કેનેડાએ તેમના સંરક્ષણ ખર્ચ અને લશ્કરી ભરતીના પ્રયાસો વધાર્યા છે. નાટોના પ્રવક્તા એલિસન હાર્ટે જણાવ્યું હતું કે 32-રાષ્ટ્રીય લશ્કરી જોડાણના અધિકારીઓ જર્મનીમાં તેમની ફોર્સ પોસ્ચર (બળની સ્થિતિ) અંગેના યુએસના નિર્ણયની વિગતો સમજવા માટે તેમની સાથે કામ કરી રહ્યા છે. યુરોપિયન સાથીઓ અને કેનેડાને ગયા વર્ષે ટ્રમ્પ ફરી સત્તા પર આવ્યા ત્યારથી જ ખબર હતી કે ટ્રમ્પ યુરોપમાંથી સૈનિકો પાછા ખેંચી લેશે; કેટલાક ઓક્ટોબરમાં રોમાનિયા છોડી પણ ચૂક્યા છે, પરંતુ અમેરિકી અધિકારીઓએ સુરક્ષા શૂન્યાવકાશ ઊભો થવાથી બચવા માટે તેમના નાટો સાથીઓ સાથે કોઈપણ પગલાંનું સંકલન કરવાનું વચન આપ્યું હતું. નોંધનીય છે કે, ફ્રાન્સ, સ્પેન અને યુકેએ ઈરાન પર હુમલો કરવા માટે તેમની જમીન પર આવેલા બેઝનો ઉપયોગ કરવા માટે યુએસ સૈનિકોને મુક્ત છૂટ આપવાનો ઇનકાર કર્યો છે. સ્પેને તેમને યુદ્ધ માટે તેના એરસ્પેસ અને બેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઇનકાર કર્યો છે. મર્ઝ સાથેના ઘર્ષણના અન્ય એક સંકેતમાં, ટ્રમ્પે EU પર તેના યુએસ વેપાર સોદાનું પાલન ન કરવાનો આરોપ મૂક્યો છે અને આવતા અઠવાડિયે બ્લોકમાં ઉત્પાદિત કાર અને ટ્રકો પર ટેરિફ વધારીને 25 ટકા કરવાની યોજના જાહેર કરી છે. આ એક એવું પગલું છે જે ખાસ કરીને જર્મની, જે ઓટોમોબાઈલનું મુખ્ય ઉત્પાદક છે, તેને મોટું નુકસાન પહોંચાડશે. ટ્રમ્પ અથવા યુનાઇટેડ સ્ટેટ્સનો ઉલ્લેખ કર્યા વિના, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને તાજેતરના વેપાર સોદાઓની યાદી આપી હતી જે બ્લોકે ઓસ્ટ્રેલિયા અને ભારત સાથે પૂર્ણ કર્યા છે, અને હવે મેક્સિકો સાથે કામ કરી રહ્યા છે. જર્મનીના વતની એવા વોન ડેર લેયેને પત્રકારોને જણાવ્યું હતું કે, સમાન વિચારધારા ધરાવતા મિત્રો સાથે, તમારી પાસે સ્થિર, વિશ્વસનીય સપ્લાય ચેઈન છે અને યુરોપ પાસે મુક્ત વેપાર કરારોનું સૌથી મોટું નેટવર્ક છે. યુરોપિયન નેતાઓનો સૂર અને ટ્રમ્પના બખાળા સૂચવે છે કે આગામી દિવસોમાં યુરોપ અને અમેરીકાની તંગદીલી ઓર વધી શકે છે.

## પૈસા ભેગા કરવાનું ભૂત

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક નગરમાં શેઠ શેઠાણીની મોટી હવેલી હતી. સારો વેપાર હતો અને ભર્યો પરિવાર હતો. આમ કોઈ વાતની કમી ન હતી અને આમ જાણે હંમેશા કૈંક ખૂટતું હોય તેવું લાગતું. હંમેશા પરિવારમાં ઝઘડા થતાં. વધુ પૈસા માટે હું વધારે કામ કરું છું એટલે પૈસા આવે છે તેવા અભિમાનને લીધે. આમ બધા સાથે હતા પણ માત્ર પોતાનો સ્વાર્થ જ જોતા. આ શેઠ શેઠાણીની હવેલીની પાછળ એક મજૂરનો પરિવાર રહેતો હતો.પરિવાર મોટો હતો. બધા મહેનત કરતાં અને બે ટંક પૂરું થાય તેટલું કમાતાં અને સુખેથી સાથે મળીને ખીચડી કે રોટલા શાક ખુલ્લા આંગણામાં જમતાં. હંમેશા ત્યાંથી રાતે ગીતો ગાવાનો, હસવાનો અવાજ સંભળાતો. બધાં મહેનતથી થાકેલાં દેખાતાં પણ છતાં ચહેરા પર ખુશી જ દેખાતી. શેઠાણી રોજ આ જોઇને વિચારતા કે ત્યાં કઈ કેટલી કમી છે છતાં બધા ખુશ છે અને મારા ઘરમાં કોઈ કમી નથી છતાં બધા ખુશ ક્યારેય હોતાં જ નથી. શેઠાણીએ શેઠને કહ્યું, ‘જુઓ મજૂરના ઘરમાં આપણા ઘર કરતાં વધારે ખુશી છે. આવું કેમ શક્ય બને? આપણી પાસે બધું જ છે છતાં બધા દુ:ખી છે અને ત્યાં ઘણી કમી છે છતાં બધા ખુશ છે.’ શેઠ બોલ્યા, ‘શેઠાણી, તેનું કારણ છે પૈસાનું ભૂત ...’ શેઠાણી બોલ્યા, ‘એટલે?’ શેઠ કહે, ‘લે, આ ૯૯ સોનામહોર મજૂરને રસ્તામાંથી મળે તે રીતે મૂકી દેજે અને પછી શું થાય છે અઠવાડિયું ચુપચાપ બધું જોજે.’ શેઠાણી બોલ્યાં, ‘ઠીક છે ૯૯ સોનામહોર મળશે તો વધુ ખુશ જ થશે ને...’ શેઠ હસતાં હસતાં બોલ્યા, ‘પૈસા ભેગા કરવાનું ભૂત તેનું કામ કરશે...’ શેઠાણીએ મજૂરને ૯૯ સોનામહોરો રસ્તામાંથી મળે તેમ મૂકી દીધી અને પછી જોયું તો મજૂર સોનામહોર ભરેલી થેલી મેળવીને પહેલાં તો ડરી ગયો...પછી તેણે થેલી લઇ લીધી.. ઘરમાં જઈને રોજ આંગણામાં જ બેસતો. બૂમ પાડતો. બધાને બોલાવતો. જો કંઈ લાવ્યો હોય તો બધાને આપતો...વાતો કરતો પણ તેણે આજે થેલી લઈને અંદર જઈ બારણું બંધ કરી દીધું. થોડા દિવસ વીત્યા મજૂરના ઘરમાંથી મસ્તી ,ગીતો ગાવાનો અને ભેગાં મળીને હસવાનો અવાજ બંધ થઈ ગયો. સાથે મળીને જમતાં પણ હવે તેઓ દેખાતા નહિ. થોડા દિવસમાં તો બધાના ચહેરા થોડા કરમાયેલા નબળા દેખાવા લાગ્યા.શેઠાણીએ બધી વાત શેઠને કરી. શેઠ હસ્યા અને બોલ્યા, ‘પૈસા ભેગા કરવાના ભૂતે તેનું કામ કરી દીધું.’ શેઠાણીએ કહ્યું, ‘કંઈ સમજાય તેવું બોલો ને...’ શેઠ બોલ્યા, ‘આ પૈસા છે ને એક ભૂતાવળ છે, જેને મળે તેને વધુ ને વધુ ભેગા કરવાનું ભૂત વળગે.પહેલાં મજૂર પાસે પૈસા ન હતા. મહેનતથી જે કમાતા તેઓ ખાઈને મોજથી રહેતા હતા પણ તે ૯૯ સોનામહોર આપી તે મેળવી પછી તેમને ભૂત ભરાયું કે હજી એક સોનામહોર નાખીને ૧૦૦ ભેગી કરી લઉં. પણ મજૂરીના પૈસામાંથી સોનામહોર કેમ મળે એટલે તેમણે નાના નાના આનંદ બંધ કર્યા એટલે ખુશી ગઈ...અરે પૈસા બચાવવા પૂરતું ખાવાનું પણ છોડી દીધું એટલે બધા નબળાં લાગે છે સમજી ...’ શેઠાણી બોલ્યાં, ‘હું હમણાં જ ૧ સોનામહોર આપી આવું એટલે તેમનું દુ:ખ દૂર થાય અને ફરી મોજથી જીવી શકે.’ શેઠ બોલ્યા, ‘હવે તે શક્ય નથી. પૈસા ભેગા કરવાનું ભૂત જેને વળગે તે બધી જ ખુશી કહીને માટે પૈસા ભેગા કરવા જ દોડે છે.’ જોજો , આવતી કાલ માટે વધુ ને વધુ પૈસા ભેગા કરવાના ભૂતને લીધે આપણે આજનો આનંદ ખોઈ નથી રહ્યા ને...

# આ તમારાં પોતાનાં નાગરિકો છે

## કહેવાની વાત

નેહા શાહ

**આપણી વ્યવસ્થાની એક મોટી વિસંગતિ છે પર્યાવરણના સંરક્ષણના નામે તે જ સમુદાયોના અધિકારોને નુકસાન થાય છે, કે જે પરંપરાગત રીતે જંગલ સાથે જોડાયેલા છે!**

વન અધિકાર અધિનિયમ - એટલે કે જંગલ જમીન પરના અધિકારનો કાયદો છેક ૨૦૦૬ થી અમલમાં આવ્યો. આ કાયદાને ભારતભરના આદિવાસી અને જંગલ આધારિત સમુદાયો સામે થયેલા ઐતિહાસિક અન્યાયને સુધારવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. કારણ કે, આ કાયદો આદિવાસી સમુદાયો અને જંગલના પર્યાવરણ વચ્ચેના સહઅસ્તિત્વના સંબંધને સ્વીકારે છે અને તેમને જંગલની જમીન ખેડવાનો અધિકાર આપે છે. પણ, વીસ વર્ષનાં વહાણાં વીત્યા પછી પણ ખૂબ મોટી સંખ્યામાં આદિવાસીઓએ કરેલા દાવાઓનો નિકાલ આવ્યો નથી. એટલે કે આદિવાસી ખેડૂતને જમીન ખેડવાના અધિકાર મળ્યા નથી. ગુજરાતમાં વન અધિકાર અધિનિયમ હેઠળ દાખલ થયેલા કુલ દાવાના લગભગ ૪૪ ટકા અનિર્ણીત હાલતમાં છે. આવા અનિર્ણીત દાવાઓ ઘણી વાર પર્યાવરણ, રાજ્ય પ્રશાસન અને આદિવાસીઓને આપવામાં આવેલા કાનૂની અધિકારોના અમલ વચ્ચે ઊભી થતી ગંભીર વિસંગતિઓનું ઉદાહરણ બનીને સામે આવ્યા છે તેમ જ જંગલ ખાતા અને સ્થાનિક આદિવાસી વચ્ચે સંઘર્ષનું કારણ બનતાં રહ્યાં છે. આવો જ એક કિસ્સો બનાસકાંઠાના પાડલિયા ગામ ખાતે ડિસેમ્બરમાં બન્યો હતો જેમાં સ્થાનિક આદિવાસીઓ, જંગલ ખાતાના અધિકારી અને પોલીસ વચ્ચે અથડામણ થઈ. ઘટનાના કેન્દ્રમાં છે શકરીબહેન વાલાભાઈ નામની એક વિધવા બહેન. વર્ષોથી તેઓ જે જમીન પર ખેતી અને વસવાટ કરતાં હતાં અને તેમનો દાવો ગ્રામસભા સ્તરે વન અધિકાર અધિનિયમ હેઠળ ઓળખવામાં આવ્યો હતો, તે જમીન પર રોપા વાવવાના કામના બહાને જંગલ ખાતાના અધિકારીઓ ભારે મશીનરી સાથે આવ્યા, તેમનું મકાન તોડી નાખ્યું, કૂવો અને પાકને નુકસાન પહોંચાડ્યું. જ્યારે તેમણે વિરોધ કર્યો ત્યારે તેમને ધકેલી દેવામાં આવ્યા અને પોતાના દાવા સંબંધિત દસ્તાવેજ રજૂ કરવાની તક પણ આપવામાં આવી નહીં. શકરીબહેન અને તેમનાં બે નાનાં બાળકો રાતોરાત બેઘર થઈ ગયાં. તેમણે પોલીસમાં ગેરકાયદેસર બેદખલી અને મારપીટ અંગે અરજી કરી હોવા છતાં, તેની એફઆઈઆર નોંધાઈ નહીં. શકરીબહેનની પડખે ગામનાં લોકો ઊભાં થઈ ગયાં અને જમીન સાફ કરવાની કામગીરીનો વિરોધ કર્યો ત્યારે પોલીસે એકઠાં થયેલાં ગામલોકો સામે લાઠીચાર્જ અને આંસુ ગેસનો ઉપયોગ કર્યો. લોકોએ પણ સામો પ્રતિકાર કર્યો અને ઘર્ષણ થયું. પરિણામે ઘટના પછી જે એફ.આઈ.આર. નોંધવામાં આવી એમાં 26 લોકોનાં નામ છે અને આશરે 500 “અજાણ્યાં લોકો”નો ઉલ્લેખ છે. ગામના બે વરિષ્ઠ વ્યક્તિને પોલીસે કસ્ટડીમાં પણ લીધા. ગામનાં લોકોમાં ડર ઊભો કરવા માટે આ પૂરતું છે. બીજી તરફ શકરીબહેનની ફરિયાદ પર કોઈ કાર્યવાહી થઈ નહીં!

જંગલ ખાતું વનીકરણના લક્ષ્ય હાંસલ કરવા માટે વૃક્ષારોપણ કરવા માંગતું હતું. કાયદો કહે છે કે જ્યાં સુધી કોઈ જમીન પરના દાવાઓનો નિકાલ ના આવે ત્યાં સુધી કોઈને જમીન પરથી હટાવી શકાય નહીં કે જમીનમાં ફેરફાર કરી શકાય નહીં. પણ આ કિસ્સામાં દાવાઓ બાકી હોવા છતાં, અધિકારીઓને વનીકરણનો કાર્યક્રમ પૂરો કરવો હતો એટલે જમીન સાફ કરવાની અને વાવેતર કરવાની કામગીરી શરૂ થઈ. પરિણામે વૃક્ષારોપણ કરી પર્યાવરણને સાચવવાનું ધ્યેય અને સ્થાનિક લોકોને આજીવિકાનું ધ્યેય આમનેસામને આવી ગયાં. વન વિભાગે પર્યાવરણીય લક્ષ્યોને પાર પાડવામાં એટલી ઉતાવળ કરી કે તેમણે જિલ્લા કલેકટરની મંજૂરી - જે કાયદા પ્રમાણે આવશ્યક છે - પણ ના લીધી. કલેકટરે આ સંદર્ભે કોર્ટમાં નિવેદન આપ્યું છે. પરિણામે ભોગ લેવાયો શકરીબહેનના મૂળભૂત અધિકારોનો. સ્થાનિક સમુદાયના જમીન ખેડવાના અધિકારનો. આપણી વ્યવસ્થાની એક મોટી વિસંગતિ છે પર્યાવરણના સંરક્ષણના નામે તે જ સમુદાયોના અધિકારોને નુકસાન થાય છે, જે પરંપરાગત રીતે જંગલ સાથે જોડાયેલા છે! ઘણા અભ્યાસ બતાવે છે કે વન-જમીનનો અધિકાર જંગલોના સંરક્ષણ માટે એક અસરકારક સાધન છે. અનેક ઉદાહરણ છે, જે જ્યાં સ્થાનિક સમુદાયોએ વન-જમીન પર હકની માન્યતા મળ્યા બાદ લોકોએ એ જંગલોને પુનઃજીવિત કર્યા હોય તેમજ જંગલમાં ટકી શકે એવી ટકાઉ ખેતીની વ્યવસ્થા અપનાવી છે. બાકી, જંગલોનું નિકંદન માટે શહેરી વિકાસની માંગને પહોંચી વળવા ઊભા થઈ રહેલા બજાર જવાબદાર છે, નહીં કે આદિવાસી.

આદિવાસીઓએ જંગલ-જમીન પર કરેલા દાવાઓને વર્ષો સુધી મંજૂરી નહીં આપવાની વહીવટી નિષ્ક્રિયતા વ્યાપક છે. પાડલિયાના કિસ્સામાં 2023માં જ ગ્રામસભાએ 173 દાવેદારોની ઓળખ કરી હતી, છતાં પ્રક્રિયા આગળ વધતી નથી. તો બીજી તરફ જંગલ ખાતું પર્યાવરણ સંરક્ષણના નામે વૃક્ષારોપણની ઉતાવળ કરે છે! એટલે આ ઘટના માત્ર “કાયદો અને વ્યવસ્થા”ના પ્રશ્ન પૂરતી માર્યાદિત ન રહેતાં, વન અધિકાર કાયદાના અમલમાં થયેલી ઢીલાશ, સામાજિક ન્યાયના અમલ પ્રત્યેની ઉદાસીનતા અને સાથે માનવ અધિકાર ભંગની પણ બની જાય છે. આ કેસ જ્યારે ગયા મહિને ગુજરાત હાઈકોર્ટમાં આવ્યો ત્યારે ન્યાયમૂર્તિ કરિયેલે સરકારી વકીલને ઠપકો આપતાં અણિયાળા પ્રશ્નો કર્યા - “વન અધિકારીઓએ બળપ્રયોગ કરવાનો પ્રયાસ શા માટે કર્યો? અને દાવાઓ બાકી હોવા છતાં વાવેતર કરવા માટે આટલી ઉતાવળ શા માટે બતાવવામાં આવી? શું આ કાર્યવાહીનો હેતુ આદિવાસીઓને હટાવવાનો હતો?” હાઈકોર્ટ પ્રશાસન અને પોલીસને તેમના બળપ્રદર્શન સંબંધે કહ્યું કે “આ કોઈ સરહદ નથી; આ તમારાં પોતાનાં નાગરિકો છે.” કોર્ટની આ ટીપ્પણી છેવાડાનાં નાગરિકોના અધિકારો પ્રત્યે સરકારી તંત્રના અભિગમ અને તેમની સામે લેવાતાં દમનકારી પગલાં અંગે ઘણું બધું કહી જાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# શું આ અરાજકતા આપણને સદી ગઈ છે? કેટલું બધું આપણે ચલાવી લઈએ છીએ? કેમ?

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**કોઈ પણ સરકાર રાતોરાત નિયમ મુજબ દેશ ચલાવવા જાય તો દેશ ઊભો રહી જાય. આ સ્થિતિને જ અરાજકતા કહેવાય**

ચૂંટણી પરિણામોની ચર્ચા પૂરી થઈ હોય તો ગુજરાતની ગરમીમાં ઘરમાં બેઠાં થોડી રોજિંદા જીવનની પણ ચર્ચા અને ચિંતા કરીએ? બોલો શેની ચિંતા કરવી? અમદાવાદમાં ટોળાંઓ દ્વારા થતી જાહેર હિંસાની?

નિવૃત્ત કર્મચારીઓના અટવાયેલા પેન્શનની? કે ગુજરાત ભાજપમાં મહાનગરપાલિકામાં મેયર કોણ બનશે તેની? ખરી વાત તો એ છે કે ચારે તરફ અરાજકતા છે, અનિર્ણાયકતા છે. આપણે માત્ર છૂટક ઘટનાઓની ચર્ચા કરીએ છીએ અને પછી ભાજપ કોન્ગ્રેસમાં વહેંચાઈ જઈએ છીએ. હકીકત એ છે કે ગુજરાતમાં ભાજપ સત્તામાં છે પણ શાસનમાં નથી.

સત્તામાં હોવું અને શાસનમાં હોવું તે બાબતમાં ફેર છે. રીક્ષાવાલાનાં યુનિયન, સ્કૂલ સંચાલકોનાં યુનિયન, બિલ્ડર લોબી, નેતાઓ અને અધિકારીઓના મળતિયાની હોસ્પિટલ અને શાળા કોલેજો...આ બધાને સતત ખુશ રાખીને ચૂંટણી જીતી જવાય છે, બાકી વિરોધ કરો તો ઘરભેગાં થવાનો વારો આવે. આ તો ઉપરાઉપરી દુર્ઘટના બની એટલે આપણે જાગ્યા, પણ જાગ્યા ત્યારે ખબર પડી કે એમ જાગીને તરત નિયમના ડંડા પછાડી શકાય તેવી આપણી હાલત નથી. કોઈ પણ સરકાર રાતોરાત નિયમ મુજબ દેશ ચલાવવા જાય તો દેશ ઊભો રહી જાય. આ સ્થિતિને જ અરાજકતા કહેવાય. બૌદ્ધિક લોકો આને અનિવાર્ય દૂષણ ગણે છે, પણ મૂળ આ ચાલક રાજનેતાઓ અને સ્થાપિત હિતોની રાજરમત છે. ક્યાં જશે? એવો સ્પષ્ટ મત તે ધરાવે છે. પ્રજા જ જાતે કહેશે કે રહેવા દો કાયદા નથી પાળવા. ચાલે તેમ ચાલવા દો. પણ ખરેખર આવું હોવું ના જોઈએ. પ્રજાએ પોતે પોતાના પ્રશ્નો માટે જાગવું જોઈએ. આ બની તે ઘટનાઓ ભૌતિક છે. આ સિવાય પણ ઘણું અભૌતિક આપણી આજુબાજુ બની રહ્યું છે તેના માટે આપણે જાગૃત સમજ કેળવવી પડશે. સરકાર ખરેખર નક્કી કરે કે નકશામાં મંજૂરી લીધી હોય તે સિવાયનાં બાંધકામ બ્લોક કરવાં, પુસ્તકાલય, રમતમેદાન ના હોય તે નિયમ અનુસાર પગાર ના આપતા હોય તે શાળા કોલેજો બંધ કરવા, પૂરતી સગવડ વગરનાં સિનેમાઘર બંધ કરવાં. રસ્તા પરનાં ગેરકાયદે બાંધકામ દબાણ દૂર કરવાં, સોશ્યલ મીડિયામાં નફરત ફેલાવતાં ખરાં તત્ત્વો જેર કરવાં, દારુની હેરાફેરી સદંતર રોકી દેવી. માત્ર પી.યુ.સી. સર્ટિ. નહીં, ખરેખર ચેકિંગ કરીને પ્રદૂષણ ફેલાવતાં વાહનો રોકવાં, ગેરકાયદે વાહનવ્યવહાર, શટલ ગાડીઓ રોકી દેવી ....લીસ્ટ લાંબુ છે પણ એટલું ચોક્કસ છે કે છેલ્લાં વર્ષોમાં આપણા જાહેર જીવનમાં આપણે કાયદા નેવે મૂકીને જીવન ચલાવ્યું છે કે કાયદો પાળવો અને નિયમમાં રહેવું હવે પોષાય તેવું નથી.

ગુજરાતનાં નાગરિકોની ચિંતાનો ખરો વિષય છે. કોન્ટ્રાકટ સિસ્ટમમાં યુવાનોનું થતું શોષણ, સરકારી નોકરીઓનો અભાવ, વધતા જતા ભાવ, પાયાની, સામાજિક-સામુહિક સેવાઓનું ખાનગીકરણ આપણી ચિંતાનો વિષય છે જ. જીવવું મોંઘું છે, માંદા પડવું પણ મોંઘું છે. બાળકોને ભણાવવું મોંઘું છે. પણ હવે આપણી નવી ચિંતાનો વિષય છે ગુજરાતના યુવાનોમાં ડ્રગ્સનું વધતું દૂષણ.

ગાંધી બાપુના ગુજરાતમાં દારુબંધી છે છતાં દારુ વેચાય છે એમ ઘણાં મને છે પણ હવે તો ડ્રગ્સ વેચાય છે અને તે પણ ઓનલાઈન એ કેટલા જાણે છે?

આપણે કદી આપણાં બાળકો ક્યાં કોને મળે છે તેની ખબર રાખીએ છીએ? એમના મોબાઈલની કિંમત પણ ઘણાં મા-બાપ જાણતાં નથી. જો બાળકો મોંઘા મોબાઈલ વાપરે છે તો તે ક્યાંથી આવ્યા? આ પ્રશ્ન થવો જોઈએ. આજે સો રૂપિયાને પાર વેચાતું પેટ્રોલ એ કેવી રીતે ભરાવે છે? અને બાઈક પર ક્યાં ફરે છે તે આપણી ચિંતાનો વિષય છે. ક્યારેક તેની વોટસેપ ચેટ આપણે તપાસતાં રહીએ, તો પોલીસને નહીં તપાસવી પડે. આજે કાળા કારોબાર કરનારા આધુનિક બની ગયા છે. ટેકનોલોજીના ઉપયોગથી ઓર્ડર લેવાયા છે. હોમ ડીલીવરી કે હેન્ડ ટુ હેન્ડ ડીલીવરી થયા છે ત્યારે, આ ડ્રગ્સના દૂષણમાં આપણા પાલ્ય નથી સપડાયા તે જોવું પડશે. ગુજરાતનાં માતાપિતા દીકરો-દીકરી બીજા ગોત્રમાં કે બીજી જ્ઞાતિમાં ના પરણે તે માટે સતત ચિંતિત હોય છે. બીજા ધર્મમાં ના પરણે એ તો ચિંતા સરકાર પણ કરે છે પણ આ જ બાળક ખોટા રવાડે ના ચડે, એ ડ્રગ્સના બંધાણી ના બને એ માટે કોઈ ચિંતા કરતું નથી.

છાપામાં દર અઠવાડિયે ડ્રગ્સ સાથે માણસ પકડાયાના સમાચાર છપાય છે. ગુજરાતનાં અગ્રણી અખબારો તથા સામયિકો હવે ડ્રગ્સ વિષે કવર સ્ટોરી કરતાં થયાં છે. ગુજરાતના પોર્ટ પર ૨૦૦૦ કરોડના ડ્રગ્સ પકડાયાના સમાચાર તાજા જ છે પણ આની વચ્ચેથી ઉપસી આવતું સત્ય એ છે કે ગુજરાતમાં ડ્રગ્સનો કાળો કારોબાર હવે મોટો વ્યાપક અને કરોડોનો ધંધો છે. સ્વાભાવિક છે તંત્ર પણ આમાંથી કંઈક મેળવતું હોય. સત્તાના સાથ વગર આટલો મોટો એટલો ખોટો અને એટલો લાંબો સમય કોઈ કારોબાર ચાલે નહીં પણ આપણા ઈરાદાઓ રાજકીય આક્ષેપો કરવાનો નથી. આપણો ઈરાદો પ્રજાને જાગૃત કરવાનો છે.

એક દેશ ચલાવવા માટે કેટલું બધું ચલાવી લેવું પડે છે? આપણને અરાજકતા સદી ગઈ છે. સરકારનો વિરોધ તો ઠીક પણ આપણે સવાલ કરતાં પણ ડરીએ છીએ અને આપણી યુવા પેઢી બરબાદ થઈ રહી છે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## મમતા બેનરજીનો પદ નહીં છોડવાનો હઠાગ્રહ ખોટો

કોઈપણ ચૂંટણી યોજાય તેમાં લોકોનો જનાદેશ માન્ય ગણવો જ પડે. ચુંટણીમાં કોઈ પક્ષ ને બહુમતી મળે તે મા જે કંઈ અજુગતું થયું હોય ત્યારે તેને કાયદાથી પડકાર વો જોઈએ. તાજેતરમા બંગાળમાં થયેલ ચૂંટણીમાં મમતા બેનરજીની હાર થઈ અને ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો. નિયમ મુજબ મુખ્ય પ્રધાનપદના પદેથી રાજીનામું આપવું પડે તેમ છતાં રાજીનામું આપવાનો ઈન્કાર કર્યો તે બંધારણની વિરૂદ્ધ છે. અત્યાર સુધીમાં થયેલ ચૂંટણીમાં કોઈની પણ જીત ન થઈ હોય ત્યારે તેઓએ હોદ્દા પરથી રાજીનામું આપવું પડ્યું છે. લોકશાહીમાં જનતા સર્વોપરી છે, માટે મમતા બેનરજીનો પદ છોડવાનો નિર્ણય બંધારણની વિરૂદ્ધ છે.

**સુરત - ચંદ્રકાંત રાણા**

## તળ સુરતની ઐતિહાસિક અસ્મિતા અને પ્રાચીન સંસ્કૃતિનું જતન

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સાબરમતી આશ્રમના રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ‘આશ્રમ ભૂમિવંદના’ના પ્રારંભ પ્રસંગે ખૂબ માર્મિક વાત કહી હતી કે, ‘‘જે રાષ્ટ્ર પોતાની ધરોહરને સાચવવામાં સક્ષમ નથી, તે પોતાનું ભવિષ્ય પણ ગુમાવે છે.’’ આ વિધાન સુરતના વર્તમાન સંજોગોમાં અત્યંત પ્રસ્તુત જણાય છે. આજે સુરત મહાનગરનો વ્યાપ વધી રહ્યો છે, પરંતુ તેની મૂળ ઓળખ સમાન ‘કોટ વિસ્તાર’ (તળ સુરત) પોતાની ગરિમા ગુમાવી રહ્યો છે. મૂળ સુરતીઓ આજે મજબૂરીવશ કોટ વિસ્તારમાંથી હિજરત કરી રહ્યાં છે, જેનું મુખ્ય કારણ અસહ્ય દબાણો, ગંદકી અને પાર્કિંગની વિકટ સમસ્યાઓ છે. સુરત મહાનગરપાલિકાએ બજેટમાં ‘કલ્ચરલ હબ’ બનાવવાની જાહેરાત તો કરી, પરંતુ જમીની સ્તરે તેનાં કોઈ નક્કર પરિણામો દેખાતાં નથી. હેરિટેજ સિટીનો દરજ્જો: અમદાવાદની જેમ તળ સુરતને પણ ‘હેરિટેજ સિટી’ જાહેર કરી પુરાતત્ત્વ વિભાગ દ્વારા ઐતિહાસિક ઈમારતોનું દસ્તાવેજીકરણ અને જાળવણી થવી જોઈએ.2. બાંધકામ પર નિયંત્રણ: સેન્ટ્રલ ઝોનમાં આડેધડ થતાં ગેરકાયદેસર બાંધકામો અને નિર્ધારિત માળ કરતાં વધુના બાંધકામ પર કડક રોક લગાવવી જોઈએ.૩. રહેણાંક વિસ્તારની પવિત્રતા: શેરી-મહોલ્લાઓને શુદ્ધ રહેણાંક વિસ્તાર જાહેર કરી ત્યાં દુકાનો બનાવવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ, જેથી ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા હળવી થાય. દરેક એપાર્ટમેન્ટમાં પાર્કિંગની જગ્યાનો વ્યાવસાયિક ઉપયોગ બંધ થવો જોઈએ. ૪. ઝીરો દબાણ ઝુંબેશ: ભાગળ રાજમાર્ગ, ઝાંપા બજાર, સલાબતપુરા, ચોકબજાર, નાનપુરા અને બેગમપુરા જેવા વિસ્તારોને ‘ઝીરો દબાણ’ હેઠળ લાવી કાયમી અતિક્રમણમુક્ત કરવા જોઈએ. ૫. આંતરમાળખાકીય સુવિધા: કોટ વિસ્તારની દરેક શેરીમાં મજબૂત સીસી રોડ બનાવવા અને સફાઈ વ્યવસ્થાને વધુ સઘન બનાવી ઠેર-ઠેર લાગતા કચરાના ઢગલાઓથી મુક્તિ અપાવવી જોઈએ.સુરતનો વિકાસ ભલે થાય પણ તેની ઐતિહાસિક અસ્મિતાનો વિનાશ ન થાય તે જોવાની જવાબદારી તંત્ર અને નાગરિકો બંનેની છે.

**સુરત - નેહા સિંગાપુરી**

## વિજય જનનાયક બનશે કે પછી ખલનાયક?

તમિલનાડુમાં જે વરિષ્ઠ અને પ્રસિધ્ધ અભિનેતામાંથી નેતા બનેલા રજનીકાંત કે કમલહસન નથી કરી શકયા તે નેતા બનેલા વિજય તેમની પાર્ટી ટીવીકેને 107 સીટો આપી હાલમાં જનનાયક બન્યો છે. અન્ય નેતાઓની જેમ તમિલનાડુની પ્રજાને ચૂંટણી પહેલાં જે વચનો આપ્યાં છે તે પૂરાં કરશે એ સમય બતાવશે? જેમાંનું એક વચન દરેક કન્યાને લગ્નમાં 8 ગ્રામ સોનું આપવાનું એવાં બીજાં અનેક વચનો તમિલનાડુની પ્રજાને આપ્યાં છે. રાજકારણનો ઈતિહાસ છે કે નેતાઓ આપેલાં વચનો કદી પૂરાં કરતાં નથી. હવે જોવાનું એ છે કે અભિનેતામાંથી નેતા બનેલો વિજય પ્રજા માટે જનનાયક બનશે કે ખલનાયક એ પણ આવનારો સમય જ બતાવશે.

**સુરત - રાજુ રાવલ**

## ઉનાળાનું અમૃત

કાળઝાળ ગરમીથી ભરેલા ઉનાળામાં લૂ ઝરતી ગરમીથી દરેક જીવમાત્ર ત્રાહિમામ્ પોકારે છે. આ ગરમીથી બચવા આપણે ઉપાયો શોધવા જ રહ્યા. ઉનાળામાં લોકો નાની મોટી બિમારીમાં સપડાય છે ત્યારે આનાથી બચવા આપણે ઠંડી ઠંડી છાસ પીને ગરમીથી બચવું જોઈએ. વળી ઉનાળામાં ઘણાં એવાં અમૃત છે જેનું સેવન કરવાથી આપણને ઠંડક મળે છે. કાચી કેરીનો બાફલો બનાવીને પણ લઈ શકાય, વળી લીલા નાળિયેરનું પાણી એટલે કે તરોફાનું પાણી પણ ઠંડક આપે છે. ખાસ કરીને ઉનાળામાં કાંદાની કચુંબર ખાવી જોઈએ. એનાથી લૂ લાગવાની શકયતા નહીંવત્ થઈ જાય છે. એ જ રીતે લીંબુ સરબત પણ પી શકાય. વળી ઉનાળાનું ફળ કહી શકાય તેવું તરબૂચ પણ ખાવાથી ગરમીમાં રાહત મળે છે. વળી ગુલકંદ, કોકમનું સરબત પણ લેવાથી ગરમીની સમસ્યા ઓછી કરી શકાય છે. વળી કાંદા કેરીનો છૂંદો પણ ખાઈએ તો લૂ લાગતી નથી. આટલા બધા સરસ ઉપાયો આપણે સહેલાઈથી કરી શકીએ છીએ તો આપણે રેફ્રીજરેટરનાં ઠંડા પાણી અને બજારમાં મળતાં ઠંડા પીણાનો સમાવેશ કરવો જોઈએ.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## જોડિયાં રજવાડા ધરમપુર-વાંસદા

વિશ્વવિખ્યાત વીણાવાદક પ્રભાતદેવજી શાસ્ત્રીય સંગીતમાં સાધક છે તેમ હળવા સુગમ સંગીતમાં શંકરના સાથી એવા જયકિશનનો નાતો વાંસદા સાથે હોય, ઉપરાંત બંને રજવાડાંના રાજકીય અને કૌટુંબિક સંબંધ પણ રાગ દીપક અને રાગ મેઘમલ્હાર જેવા એક જ અંતરાત્માને પ્રગટ કરતા જોવા મળે છે. એમાં ભલે સંગીતનાં સાધન અનેક હોઈ શકે છે, પણ સાધના તો સદા એકરૂપ અનંત રામ અન્ય અખંડ ઓમ રૂપ છે.

**ધરમપુર - ધીરુ મેરાઈ**

## પ્રશંસનિય શૈક્ષણિક સેવાકાર્ય

છત્તીસગઢની રાજધાની રાયપુરના વડીલોએ તેમને મળતા પેન્શનથી 93 બાળકોનું જીવન સુધાર્યું છે. 65 વર્ષથી ઉપરના 205 વડીલો તેમને મળતા પેન્શનમાંથી 6000 રૂા. ગરીબ બાળકોને અભ્યાસ માટે આપે છે. 2015થી શરૂ થયેલા આ સેવાકાર્યમાં વડીલોની મદદથી ભણેલા બાળકો પણ જોડાયા છે. રાયપુરની ‘બઢવ સંગવારી’’ નામની આ સંસ્થા 1000 બાળકોને આર્થીક મદદ પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે. કોર કમિટિના સભ્ય અને પૂર્વ હેલ્થ મેડિકલ ઓફિસર ડો. મીરા જણાવે છે કે આ સંસ્થાનું ધ્યાન ગ્રામીણ અને સરકારી શાળાના બાળકો પર છે. ગોધરાના નવા નદીસર ગામે શાળાના બાળકોમાંથી ગણિત વિષયનો ડર દૂર કરવા શાળાના કમ્પાઉન્ડમાં ‘‘મેથ્સ પાર્ક’’ બનાવ્યો છે. બાળકો રિશેષ તથા ફ્રી પીરીયડમાં રમતા રમતા ગણિતના દાખલાઓ શીખી રહ્યા છે. 3-ડી મોડેલ્સ દ્વારા ગણિતના અઘરા સિધ્ધાંત સરળ બન્યા છે. જેને કારણે બાળકોમાં ગણિત વિષય હવે પ્રિય બન્યો છે. ‘‘જોયસ કોનોલી’’... મહારાષ્ટ્રના અહિલ્યાનગરની ગલીઓમાં આ નામ બહુ સન્માનથી લેવામાં આવે છે. સ્કોટલેન્ડની જોયસ 2016થી અહી વંચિતો-દલિતોને અહિલ્યાનગરની ગલી-ગલીમાં ફરીને છોકરીઓને ભણાવે છે. યુ.કે.ની લીડ્સ યુનિ.ની જોબ છોડીને તે આ શૈક્ષણિક સેવાકાર્ય કરી રહી છે. સુરતના પેન્શનરો, શ્રીમંત લોકો અને શાળાના શિક્ષકો આવું સેવાકાર્ય કરે તો સુરતનો ગરીબમાં ગરીબ બાળક પણ અભણ ન રહે!

**સુરત- ડો. કિરીટ એન. ડુમસિયા**